ફેબ્રુઆરી ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# પ્રમાણિકતા

## સંપાદકીય

બાળમિત્રો,

સામાન્ય ભાષામાં કહીએ તો પ્રમાણિકતા એટલે કોઈને છેતરવું નહીં. બીજાને છેતરવાથી આપણા પર બહુ મોટી જોખમદારી આવે છે. એ ગુનાનો દંડ બહુ ભારે આવે છે.

પ્રમાણિકતા એ મોટામાં મોટો ધર્મ છે. જેટલા જેટલા મહાન પુરુષો થઈ ગયા એમનામાં આ ગુણ મહદ્ અંશે કેળવાયેલો હતો.

તો આવો, પ્રમાણિકતા એટલે શું ? આ ગુણ કેવી રીતે કેળવાય ? અપ્રમાણિકતામાંથી કેવી રીતે છૂટાય ? એની વિશેષ સમજણ પરમ પૂજ્ય દાદાશ્રી પાસેથી આ અંકમાંથી મેળવીએ અને અપ્રમાણિકતાના ગુનામાંથી પાછા ફરીએ.

-ડિમ્પલ મહેતા


દાદાજી કહે છે... ૩
આ તો નવી જ વાત ! ૪
બીજ ૬
વિડિયો રેકોર્ડિંગ ૯
મહાત્મા ગાંધીજીની પ્રમાણિકતા ૧૩
ટોપીક એક્ટિવિટી ૧૫
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૬
ચાલો રમીએ ૧૮
GNC Day ની ઝલક ૨૦





તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૬
સળંગ અંક : ૬૬
ફેબ્રુઆરી ૨૦૧૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website:
kids.dadabhagwan.org



Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

દાદાશ્રી : પ્રમાણિકતા એટલે કોઈનું કંઈ પણ ખોટું (બીજાના હક્કનું) આપણા ઘરમાં ના આવે એવી રીતે રહેવું જોઈએ. પોતાના હક્કનું, સહેજે મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ. એમાં કોઈની સાથે દગો-ફટકો ના થાય, ચોરી ના થાય. એક જણ કહે, 'મને સુખ જોઈએ છે.'' તેને હું કહીશ, 'પ્રમાણિક રહેજે, નીતિ પાળજે.' બીજાને તું આપે છે એ દેવધર્મ છે. પણ બીજાનું, અણહક્કનું લેતો નથી એ માનવધર્મ છે. એટલે પ્રમાણિકપણું એ મોટામાં મોટો ધર્મ છે.


પ્રશ્નકર્તા : દાદા, તમારી વાત સાચી છે. પણ એક માણસ ઝૂંપડપટ્ટીમાં રહેતો હોય, ભૂખ્યો હોય, તરસ્યો હોય. એની સામે મહેલમાં એક બીજો માણસ રહેતો હોય. ઝૂંપડીવાળો એને જોઈને વિચારે છે કે હું આટલો બધો પ્રમાણિક છું છતાં મારી દશા કેવી છે. અને આ માણસ આટલું બધું ઊંધું કરે છે છતાં એ મહેલમાં રહે છે!

દાદાશ્રી : અત્યારે એ જે દુ:ખ ભોગવી રહ્યો છે, તે પહેલાની પરીક્ષા આપી છે તેનું પરિણામ આવી રહ્યું છે અને પેલો માણસ, એણેય પરીક્ષા આપી છે, તેનું આ પરિણામ આવ્યું છે. પેલો (મહેલવાળો) પહેલા પાસ થયો છે ને હવે નાપાસ થવાનાં લક્ષણો ઊભા કરી રહ્યો છે. (એટલે કે પહેલા સારા કર્મો કર્યા તેથી અત્યારે સુખ ભોગવી રહ્યો છે પણ અત્યારે ઊંધા-ચત્તા કામો કરે છે તેથી આવતા ભવે દુ:ખી થશે) અને આને પાસ થવાના લક્ષણો ઊભા થયા છે. કોઈ પણ માણસ પ્રમાણિકતાથી જીવન જીવે છે ત્યાં ચોવીસ તીર્થંકરોનો વાસ છે. પ્રમાણિકતા એ ભગવાનનું મોટું 'લાયસન્સ' છે. એનું કોઈ નામ ના દે. પ્રમાણિકતા, નૈતિકતા, ઓબ્લાઈઝિંગ નેચર હોય, તેના બધા દુર્ગુણો ધોવાઈ જાય.



પ્રશ્નકર્તા : ઓનેસ્ટ (પ્રમાણિક) થવાતું નથી તો એનો ઉપાય શો?

દાદાશ્રી : ડીસઓનેસ્ટ (અપ્રમાણિક) થાઉં તેનું પ્રતિક્રમણ કર. આવતો ભવ તારો ઉજળો થઈ જશે. ડીસઓનેસ્ટીનો પશ્ચાત્તાપ કર. પશ્ચાત્તાપ કરનાર માણસ ઓનેસ્ટ છે એ નક્કી છે. અપ્રમાણિકતા કરવી પડે તો જે ભગવાનને માનતા હોય તેની પાસે સાચા હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો લેવો જોઈએ કે આ ભૂલ માટે માફી માગું છું. આવી ભૂલ નહીં કરવાની શક્તિ આપો. તો અનીતિ-અપ્રમાણિકતાના ગુનાની જોખમદારીથી છૂટી જવાશે..





કોઈ માણસ ભગવાનને માનતો નથી, કોઈ ધર્મ પાળતો નથી છતાં પ્રમાણિક રહે છે, નીતિ પાળે છે. તો એ જ મોટામાં મોટો ધર્મ છે, એ ભગવાનની આજ્ઞામાં જ છે અને એને એનું ફળ મળે જ છે.

# આ તો નવી




પ્રમાણિકતાથી માણસ ફરી માણસના અવતારમાં આવે છે અને જે લોકો ભેળસેળ કરે છે, જે અણહક્કનું પડાવી લે છે, અણહક્કનું ભોગવી લે છે, એ બધા અહીંથી બે પગમાંથી ચાર પગમાં (જાનવરમાં) જાય છે ને પૂંછડું વધારાનું મળે છે.

પ્રમાણિકપણું હોય તો
એને જરા ભય ઓછો
લાગે, ભય ના રહે એને !



# જ વાત !



આપણે કોઈના રૂપિયા
લીધા હોય તો આપણો
ભાવ ચોખ્ખો રાખવો.
'આજે બધા રૂપિયા હોત
તો આજે જ આપી દઉં !'
એનું નામ ચોખ્ખો ભાવ.
ભાવમાં તો એવું જ હોય
કે ક્યારે વહેલામાં વહેલી
તકે અપાય.

# બીજ

રાજા વિશ્વપ્રતાપસિંહે ખૂબ જ સફળતાપૂર્વક, વર્ષો સુધી ઉજ્જૈન પર રાજ્ય કર્યું હતું. ઉજ્જૈનની પ્રજા પણ સુખી અને સમૃદ્ધ હતી અને રાજા વિશ્વપ્રતાપથી ખૂબ સંતુષ્ટ હતી. પણ હવે, વિશ્વપ્રતાપની ઉંમર થવા આવી હતી. એમને કોઈ કુંવર નહોતો. એમને અણસાર આવી ગયો હતો કે હવે પોતે બહુ નહીં જીવે માટે એક કુશળ અને સમર્થ યુવાનને રાજગાદી સોંપી દેવી જોઈએ. પણ રાજગાદી સોંપવી કોને ? આ પ્રશ્ન વિશ્વપ્રતાપને ખૂબ સતાવતો હતો. આખરે એમણે એમનો જવાબ શોધવા એક યુક્તિ ઘડી.



એક દિવસ એમણે રાજ્યના બધા જ યુવાનોને રાજ્યદરબારમાં ભેગા કરી કહ્યું, "હવે સમય આવી ગયો છે કે હું મારા ઉત્તરાધિકારીની નિમણૂક કરું. જે મારી પરીક્ષામાંથી પાર ઉતરશે, તે આ રાજ્યનો રાજા બનશે."

રાજાની આવી ઘોષણાથી યુવાનો એકબીજા સામે જોઈ રહ્યા. સાથે સાથે રાજગાદી પ્રાપ્ત કરવાની તમન્ના પણ સૌના હૃદયમાં જાગી ઊઠી. રાજાની પરીક્ષા માટે બધા તૈયાર થઈ ગયા.

સેવકોએ રાજા પાસે એક થેલો મૂક્યો. યુવાનો આશ્ચર્યચકિત થઈ એમાં શું હશે એના તર્ક-વિતર્ક કરવા લાગ્યા. આખરે રાજાએ કહ્યું, "આજે હું તમને બધાને એક બીજ આપીશ. એ બીજ તમે વાવજો, એને રોજ પાણી પાજો. અને છ મહિના પછી એ બીમાંથી જે પણ ઊગ્યું હોય, એ મારી પાસે લઈને આવજો. પછી હું મારો નિર્ણય કરીશ."


એક પછી એક બધા યુવાનો રાજા પાસેથી બી લઈ ઘરે ગયા. બધા યુવાનોમાં કર્ણ પણ હતો. એણે પણ ઉત્સાહથી રાજા પાસેથી બી લીધું અને ઘરે જઈને રોપ્યું. એ રોજ કાળજીપૂર્વક એમાં પાણી નાખતો. સમય પસાર થવા લાગ્યો. કર્ણ રોજ તપાસ કરતો કે બી ઊગ્યું કે નહીં.

લગભગ ત્રણ અઠવાડિયા વીતી ગયા. રાજ્યમાં બીજા બધા યુવાનો એમના છોડવાઓની વાત કરવા લાગ્યા. કર્ણ રોજ બીને પાણી પાતો. પણ કશું ઊગતું નહોતું. સમય પસાર થતો ગયો. ચાર અઠવાડિયા વીત્યા, પાંચ, છ, સાત, આઠ... પણ હજી સુધી એના બીમાંથી એક પણ કૂંપણ ફૂટી નહોતી.

કર્ણના મિત્રોના છોડવાઓ લાંબા લાંબા થઈ ચુક્યા હતા પણ કર્ણ પાસે કશું જ નહોતું. એ તો રોજ એના છોડવાની ઊગવાની રાહ જોતો હતો. આમ કરતા કરતા છ મહિના પસાર થઈ ગયા. રાજાને પોતાના છોડવાઓ બતાવવાનો દિવસ આવી ગયો.

એ દિવસે મહેલમાં ખૂબ ચહેલપહેલ હતી. અને કેમ ન હોય..? આજે ભાવિ રાજાની પસંદગી થવાની હતી. કર્ણ મહેલમાં દાખલ થયો. બીજા બધા યુવાનોના છોડવાઓ જોઈને એ એકદમ દંગ રહી ગયો. કોઈકનો સરસ ગુલાબનો છોડવો હતો તો કોઈકનો જાસ્મીનનો. રંગબેરંગી ફૂલો અને એમની સુવાસથી આખો દરબાર મહેકી ઉઠ્યો હતો. કર્ણે પોતાનું ખાલી પાત્ર જમીન પર મૂક્યું. આ જોઈ ઘણા યુવાનો એની સામે હસવા લાગ્યા. થોડાકને કર્ણ પર દયા આવી.

ત્યાં તો રાજા દરબારમાં પ્રવેશ્યા. બધા યુવાનોને આવકાર આપી તેઓ સિંહાસન પર બિરાજ્યા. વિવિધ છોડો પર દૃષ્ટિ પડતાં બોલ્યા, ‘‘વાહ ! શું સુંદર ફૂલો ઊગાડ્યા છે ! કહેવું પડે ! આજે



તમારામાંથી કોઈ એક આ રાજ્યના રાજાની નિમણૂક થશે.''

આમ કહી રાજા બધા છોડવાનું નિરીક્ષણ કરવા સભામાં ફરવા લાગ્યા. અચાનક, એમની નજર કર્ણ પર પડી. એ એક ખૂણમાં સુનમુન થઈને પોતાનું ખાલી પાત્ર સાથે ઊભો હતો. બધા છોડવાઓ જોવાઈ ગયા બાદ રાજા પોતાની રાજગાદી પર જઈને બેઠાં.

એક સિપાહીને બોલાવી એમણે કર્ણ સામે આંગળી ચીંધતા કહ્યું, ''પેલા યુવાનને અહીં લઈ આવો.''

બધા યુવાનો વચ્ચે ગુસપુસ શરુ થઈ ગઈ. કોઈકને કર્ણ પર દયા આવી, ''બિચારો કર્ણ! હવે રાજા એને સજા કરશે.''

તો કોઈક કહેવા લાગ્યું, ''બેવકૂફ જ છે ને! એક છોડ ઉગાડતા પણ ના આવડ્યું.''

કર્ણ રાજા પાસે આવ્યો. રાજાએ એને એનું નામ પૂછ્યું. પછી સભાને શાંત કરતા બોલ્યા, ''પ્રજાજનો, તામારા નવા રાજા છે, કર્ણસિંહ. આપ સહુ એમને અભિનંદન આપશો!''

આ સાંભળી કર્ણ દંગ થઈ ગયો. એ તો છોડ પણ ઊગાડી શક્યો નહોતો, છતાં રાજા તરીકે એની પસંદગી કઈ રીતે થઈ શકે?

રાજાની ઘોષણા સાંભળી દરબારમાં ધીમો કોલાહલ શરુ થઈ ગયો. સહુને શાંત કરતા રાજા બોલ્યા, ''છ મહિના પહેલા મેં તમને સહુને એક બીજ આપેલું અને કહ્યું હતું કે એ બીજને ખાતર-પાણી આપજો અને છ મહિના પછી એમાંથી જે ઊગે એને મારી પાસે લઈ આવજો પણ એ બધા જ બીજ શેકેલા હતા. જે ઊગી શકે નહીં.''

બધા આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા!

રાજાએ આગળ ચલાવ્યું, ''કર્ણ સિવાય તમે બધા મારી પાસે આવા સુંદર છોડવાઓ લઈને આવ્યા છો. જ્યારે તમને બધાને ખયાલ આવ્યો કે તમને આપેલું બીજ ઊગી નથી રહ્યું, ત્યારે તમે લોકોએ એ બીજ બદલી નાખ્યું. કર્ણ એકલા પાસે જ પોતાને આપેલું બીજ લાવવાની હિંમત અને પ્રમાણિકતા હતા. કર્ણ મારી પરીક્ષામાં ઉત્તીર્ણ થયો છે અને એણે મારો વિશ્વાસ જીતી લીધો છે. અને મને સંતોષ છે કે પ્રજાને એક પ્રમાણિક અને વિશ્વાસપાત્ર રાજા મળશે.''

બધા યુવાનોના મોઢા શરમથી ઝૂકી ગયા. રાજાએ ખુબ નરમાશથી યુવાનોને પૂછ્યું, ''આપ સહુને એક પ્રશ્ન પૂછું? જો, તમારી સાથે કોઈ ચાલાકી કરે અને તમને છેતરે તો તમને ગમે?'' શું તમને એવું પસંદ પડે કે તમારા રાજા જ તમારી સાથે છેતરપીંડી કરે?''

બધા યુવાનોએ માથું હલાવી 'ના' પાડી

પછી રાજા બોલ્યા, ''જો, તમને છેતરાવું ગમતું ના હોય તો તમે બીજાને છેતરવાનો વિચાર કેવી રીતે કરી શકો? છેતરપીંડી અને અપ્રમાણિકતા એ મોટમાં મોટી મૂર્ખાઈ છે. તમે જો અપ્રમાણિક રહેશો તો તમને કોઈ ફાયદો તો નહીં થાય પણ ભયંકર નુકસાન જ થશે. પ્રમાણિકતા એ મોટામાં મોટો ધર્મ છે. જોયું ને, એક શેકેલા બીજમાં પણ પ્રમાણિકતા વાવશો, તો વિશ્વાસ જ લણશો.''

બધા યુવાનોને રાજાની વાતનો દિલથી સ્વીકાર થયો. સહુએ તાળીઓના ગડગડાટથી નવા રાજાને વધાવી લીધા.

# વિડિયો રેકોર્ડિંગ



ક્લાસમાં આટલી બધી શિસ્તતા અને શાંતિ ક્યારેય નહોતા. પણ આજે તો ક્લાસના સૌથી તોફાની છોકરાઓ પણ ભણવામાં ધ્યાન આપી રહ્યા હતા. કારણ ??
કારણ હતું, ક્લાસરૂમના ખૂણામાં ઊભેલા મિસીસ રોય અને તેમનો વિડિયો કેમેરો. મિસીસ રોય સ્કૂલની એક વિડ્યિો બનાવી રહ્યા હતા જે એન્યુઅલ ફંક્શનમાં પ્રિન્સિપાલ સાહેબથી માંડીને બધા જ વાલીઓ જોવાના હતા.
ક્લાસ પૂરો થયો એટલે,
મેડમ, આજે ક્લાસમાં ડિસિપ્લિન જોઈને તમને એવું જ થયું હશેને કે મીસીસ રોય રોજ એમનો વિડ્યિો કેમેરો લઈને આપણા ક્લાસનું રેકોર્ડિંગ કરવા આવે તો કેવું સારું !
નિગમને હતું કે ઉષા ટીચર એના જોક પર હસશે. પણ તેઓ એકદમ ગંભીર થઈ ગયા.
નિગમ, આપણે લોકો હમેંશા કેમેરા પર જ હોઈએ છે. બસ, એટલું જ કે એ કેમેરા ગુપ્ત હોય છે.
ખરેખર ?? ક્લાસમાં ગુપ્ત વિડ્યિો મોનીટર છે ?
ક્લાસમાં નહીં, આપણી અંદર.



આપણે જ્યારે કંઈ પણ ખોટું કરીએ, ત્યારે આપણી અંદર બેઠેલા ભગવાન કેમેરાની માફક બધું જ રેકોર્ડિંગ કરતા હોય છે. લોકોને જો આ વાત સમજણ પડે તો તેઓ ખોટું કરતા અટકે.
પણ મેડમની વાતમાં નિગમને રસ જ ક્યાં હતો ? મનમાં તો બીજી જ ધૂન સવાર હતી.
આજે ઘરે મામા, મામી, માસા, માસી અને કઝીન્સ આવવાના હતા. આજે પર્વ સાથે ચેસ રમવાનો છું. દર વખતની જેમ આજે પણ એને હરાવી દઈશ.
બપોરે જમી કરીને બધા વાતોએ વળગ્યા. નિગમના રૂમમાં જઈ પર્વ અને નિગમ ચેસ રમવા બેઠા.
થોડી વાર પછી,
ચેક
નિગમને પસીનો છૂટી ગયો. પહેલી વાર એ હારી રહ્યો હતો.
એક મિનિટ, હું આપણા માટે થોડો નાસ્તો લઈ આવું.



પર્વ ગયો એટલે નિગમે રૂમમાં નજર ફેરવી. ત્યાં કોઈ જ નહોતું.
શું કરું ? ગેમ થોડી હલાવી દઉં ? પર્વને ખબર પણ નહીં પડે. નહીં તો હારવું પડશે. એ કેટલું શરમજનક થશે !
પર્વ, નિગમ, બચ્ચા પાર્ટી બધા જ બહાર આવી જાઓ. તમારા બધા માટે એક સરપ્રાઈઝ છે.
મામાએ બધાને ટી.વી.સામે ગોઠવાઈ જવાનું કહ્યું.
યાદગિરિ રહે તે માટે મેં મારા વિડિયો કેમેરામાં આપણે આજે સાથે ગાળેલી સુંદર પળો રેકોર્ડ કરી દીધી છે. નેચરલ રેકોર્ડિંગ થાય એટલે મેં કોઈને જણાવ્યું નહોતું.
મામાએ ટી.વી. ચાલુ કર્યું. જોતા જોતા મામા કોમેન્ટરી આપતા ગયા. થોડી ક્ષણો પછી....
અને આ છે આપણા માસ્ટર ચેસ પ્લેયર પર્વ મહેતા, જે અત્યારે પેટ પૂજામાં બિઝિ છે.
અને પછી દ્રશ્ય આવ્યું નિગમનું. આ તો એ જ પળ હતી, જ્યારે નિગમ ચીટીંગ કરી ગેમ અદલાબદલી કરી નાખવાનું વિચારતો હતો. નિગમના હૃદયના ધબકારા વધી ગયા.
અને આ છે આપણા બીજા ગ્રાન્ડ-માસ્ટર નિગમ શાહ, જે અત્યારે ગંભીરતાથી કશુંક વિચારી રહ્યા છે.


થેંક ગોડ, મેં ચીટીંગ ન કરી. નહીં તો અત્યારે આખા પરિવાર સામે મારો કેવો ફજેતો થયો હોત ! ચીટીંગ કરીને હું જીતીને પણ હારી ગયો હોત.
મામા, મને પણ આ વિડિયોની એક કોપી આપજો.
હા, હા, એને ચોક્કસ આપજો. આજે પહેલી વાર ચેસમાં એ મારી સામે હારી ગયો છે. એટલે રિપ્લે જોઈને એ ફરી પ્રેક્ટિસ કરશે. સાચી વાત ને નિગમ ?
હા, બિલકુલ સાચી વાત.
આજે તો હું હારીને પણ જીતી ગયો છું. આજથી નક્કી કરું છું કે ચેસમાં કે જિંદગીમાં એવી કોઈ ચીટીંગ નહીં કરું, જેનું રિપ્લે જોવામાં મને સહેજ પણ ગભરામણ થાય.

# મહાત્મા ગાંધીજીની પ્રમાણિકતા

સત્ય બોલવું એ પણ એક પ્રમાણિકતા જ છે. જેમનું જીવન જ એક સંદેશ હતો તેવા બાપુના જીવનથી સૌ કોઈ પરિચિત છે, બાળમિત્રો, આજે આપણે બાપુના જ શબ્દોમાં, એમણે લખેલી એમની આત્મકથા 'સત્યના પ્રયોગ' પુસ્તકમાંથી આ વાત જાણીએ.

"મારા કાકાને બીડી પીવાની ટેવ હતી. તેમને ધુમાડો કાઢતા જોઈ મને અને મારા એક ભાઈને પણ ફૂંકવાની ઈચ્છા થઈ. પૈસા તો અમારી પાસે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ઠૂંઠાની ચોરી કરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠા કંઈ દર વખતે મળી ન શકે અને તેમાંથી બહુ ધુમાડોય ન નીકળે. એટલે નોકરની ગાંઠમાંથી બે-ચાર પૈસાની ચોરી કરતા ને બીડી ખરીદતા. પણ એને સંઘરવી ક્યાં? એ સવાલ થઈ પડ્યો. વડીલોના દેખતાં તો બીડી પીવાય જ નહી એ ખબર હતી. જેમ તેમ કરીને થોડા અઠવાડિયા ચલાવ્યું. તે દરમિયાન મેં સાંભળ્યું કે એક જાતના છોડ (તેનું નામ તો ભૂલી ગયો છું) થાય છે, તેની ડાળખી બીડીની જેમ સળગે છે ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા!

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. છેવટે અમે બન્નેએ એંઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના પૈસા ચોરીને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ છોડી દીધી.



બીડી પીવા કરતાં બીડીઓના ઠૂંઠા ચોરવા અને તે માટે નોકરના પૈસા ચોરવા એ દોષને હું વધારે ગંભીર ગણું છું. આ ઉપરાંત બીજો પણ એક ચોરીનો દોષ થયો. બીડીનો દોષ થયો ત્યારે મારી ઉંમર બાર-તેર વર્ષની હશે, કદાચ તેથીએ ઓછી.

અને આ ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું, એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. એ કેમ પતાવવું એનો અમે બન્ને ભાઈ વિચાર કરતા હતા. મારા ભાઈને હાથે સોનાનું કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું. કડું કાપીને એટલું સોનુ વહેંચ્યું અને કરજ પૂરું કર્યું.

પણ મારે માટે આ વાત અસહ્ય થઈ પડી. હવે ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાગ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી મને મારશે એવો ડર નહોતો. પણ તેઓ દુઃખી થશે, કદાચ માથું કૂટશે તો ? એવો વિચાર આવ્યો. પણ એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ નહીં થાય એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને માફી માંગવી એવો મેં નિશ્ચય કર્યો. મેં ચિઠ્ઠી લખીને પિતાજીને હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માંગી. પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી અને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રુજતા હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળાએ તેઓ પથારીવશ હતા. તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી આંસુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી અને પછી ચિઠ્ઠી ફાડી નાંખી. ને પોતે વાંચવા માટે બેઠાં થયા હતા તે પાછા સૂતા.

હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. એ આંસુના પ્રેમબાણે મને વીંધ્યો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે.

પિતાજી ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, કદાચ માથું કૂટશે, એવું મે ધાર્યું હતું. પણ એમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. મારા એકરારથી પિતાજી મારા વિષે નિર્ભય થયા અને મારા પ્રતિ તેમની લાગણી ખૂબ વધી ગઈ.



*જોયું બાળમિત્રો, ગાંધીજીએ એમનાથી થયેલી અપ્રમાણિકતાનો કેવો પશ્ચાતાપ કર્યો, પિતાજી સામે પોતાના દોષની કબૂલાત કરી, અને ફરી ક્યારેય એ દોષ ન કરવાનો નિશ્ચય કર્યો. અને છેક સુધી તેમણે એ નિશ્ચયને પાળ્યો.*

*તો આવો, આપણે પણ નક્કી કરીએ કે ભૂતકાળના કોઈ પણ પ્રસંગોમાં આપણે અપ્રમાણિક થયા હોઈએ તો એનું દિલથી પ્રતિક્રમણ કરી લઈશું. હવે, ફરી ક્યારેય અપ્રમાણિક નહી થઈએ એવો સ્ટ્રોંગ નિશ્ચય કરીએ અને તે માટે પરમ પૂજ્ય દાદા ભગવાન પાસે ખૂબ શક્તિ માંગીએ.*

# ટોપીક એક્ટિવિટી

નીચે અપ્રમાણિકતાના દ્રષ્ટાંત આપેલા છે. આ અંકમાંથી મેળવેલી પ્રમાણિકતાની સમજણ પરથી, દરેક દ્રષ્ટાંતમાં પ્રમાણિકતા કેવી રીતે રાખી શકાય તે દર્શાવો.

## પ્રમાણિકતા કેવી રીતે રખાય ?

**દ્રષ્ટાંત નંબર ૧.**

જયને રોજ આઈસક્રીમ ખાવાનું મન થાય. એટલે જ્યારે તક મળે, ત્યારે છુપાઈને તે મોટા ભાઈના વોલેટમાંથી પચ્ચીસ-પચાસ રૂપિયા કાઢી લે, અને પોતાનો શોખ પૂરો કરી લે.

**દ્રષ્ટાંત નંબર ૨.**

રોડ પર સમીર અને એના મિત્રો ક્રિકેટ રમતા હતા. સમીરે એવો જોરદાર શોટ માર્યો કે રમેશકાકાની બારીનો કાચ ફૂટી ગયો. કાકાને ખબર પડે એ પહેલા જ આખી ટોળકી ત્યાંથી ભાગી ગઈ.

**દ્રષ્ટાંત નંબર ૩.**

અંજલીની સ્કૂલમાં દર શુક્રવારે કેન્ટીનમાં નાસ્તા સાથે પેપ્સીનો કપ મળે. નિયમ અનુસાર, એ કપમાં એક જ વાર પેપ્સી ભરી શકાય. પણ અંજલી અને એની ફ્રેન્ડસ કેન્ટીનવાળાને ખબર ન પડે એ રીતે ત્રણ-ચાર વાર પેપ્સી ભરી લે.

**દ્રષ્ટાંત નંબર ૪.**

અંશુની ખરીદી ઉપર, દુકાનદારે અંશુને ભૂલથી વધારે પૈસા પાછા આપ્યા. અંશુને ખ્યાલ આવ્યો કે દુકાનદારે વધારેપૈસા પાછા આપ્યા. પણ કશું બોલ્યા વગર એણે ચૂપચાપ પૈસા ખિસ્સામાં મૂકી દીધા.

**દ્રષ્ટાંત નંબર ૫.**

રૈનાને યાદ નહોતું કે એ એની નેકલેસ આશીતાના ઘરે ભૂલી ગઈ હતી. આશીતાએ એને યાદ કરાવ્યું પણ નહીં અને પોતે જ એ નેકલેસ રાખી લીધી.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ...

મથુરા શહેરમાં ધાનાસાર નામનો એક વેપારી રહેતો હતો. એ ખૂબ જ ધનવાન હતો અને કંજૂસ પણ એટલો જ. એની શ્રીમંતાઈ અને લોભી વૃત્તિ માટે એ જાણીતો હતો. કોઈ એનું ધન લઈ ન જાય તે માટે એ ધનને જમીનમાં દાટી રાખતો.

એક દિવસની વાત. ધાનાસાર જમીનમાં દાટેલું એનું ધન તપાસવા ગયો. જમીનની અંદરનું દૃશ્ય જોઈને એ ચકિત થઈ ગયો !! એનું બધું જ ધન કાળા કોલસામાં રૂપાંતપર થઈ ગયું હતું અને કોલસાની ઉપર સાપ ફરતા હતા. એના આઘાતની કોઈ સીમા જ ન રહી. હજી તો એ આ આઘાતમાંથી બહાર આવે તે પહેલા એને બીજા ખરાબ સમાચાર મળ્યા. એનો સામાન લઈને આવતા બધા જ વહાણ દરિયામાં ડૂબી ગયા. અને સાથે સાથે એનો કિંમતી સામાન સાથે આવતો રસાલો રસ્તામાં લૂંટાઈ ગયો. આવા આઘાતજનક સમાચારથી ધાનાસાર સાવ ભાંગી પડ્યો. પણ ધાનાસાર ભાંગી પડીને બેસી રહે એવો નહોતો.

એણે એના નસીબને પડકાર્યું. ઘરમાં બચેલી છેલ્લી દસ હજાર સોનામહોરો એણે લીધી અને તે વેપાર ખેડવા પરદેશ નીકળી પડ્યો. પરંતુ દુર્ભાગ્ય એનો પીછો છોડતું જ ન હતું. એના પાપકર્મના ઉદયના કારણે એનું વહાણ તૂટી ગયું અને છેલ્લી બચેલી સોનામહોરો પણ ગુમ થઈ ગઈ. એ પોતે એક લાકડાના તરાપાના સહારે જેમ તેમ કિનારે પહોંચ્યો.


બીજે દિવસે ધાનાસર ભૂખ્યો-તરસ્યો એક બગીચામાં જઈ પહોંચ્યો. ત્યાં એણે એક આંબાના ઝાડ નીચે કોઈ મુનિને બેઠેલા જોયા. મુનિ ધર્મબોધ સંભળાવી રહ્યા હતા. એ પણ સભામાં જઈ બેસી ગયો. જ્યારે સભા પૂરી થઈ ત્યારે એ મુનિ પાસે ગયો અને તેમના ચરણોમાં પડીને કહ્યું, ''મુનિશ્રી, મને સમાધાન જોઈએ છે. મારા કયા કર્મોને કારણે મને આટલી બધી સંપત્તિ મળી અને મારા કયા કર્મોને કારણે મેં આ બધું જ ગુમાવી દીધું !''

મુનિએ ધાનાસારને પોતાની પાસે બોસાડ્યો. અને પછી એના આગલા ભવનું વર્ણન કર્યું.

''ધાતકી ખંડ નામના દેશમાં અંબિકા નામનું એક શહેર હતું. એ શહેરમાં બે ભાઈઓ રહેતા હતા. મોટોભાઈ ખૂબ જ ઉદાર અને સેવાભાવી હતો. જ્યારે નાનોભાઈ ખૂબ જ કંજૂસ હતો. પોતે તો કોઈને કશું આપતો નહીં પણ મોટાભાઈની ઉદારતા માટે પણ એને ખૂબ ગુસ્સો આવતો. પણ આના કારણે મોટાભાઈની ઉદારતામાં કોઈ ફરક ના પડ્યો. મોટાભાઈ જેટલું વધારે આપતા ગયા એટલી જ એમની સંપત્તિ ઘટવાને બદલે વધતી ગઈ.

આ જોઈને નાનાભાઈને મોટાભાઈ પ્રત્યે ઈર્ષા આવી. એણે કપટ કર્યું. રાજાને ઊંધું-ચત્તુ ભરમાવીને






મોટાભાઈનું બધું ધન જપ્ત કરાવ્યું. નાનાભાઈના આવા કાવતરાથી મોટાભાઈને બહુ મોટો આઘાત લાગ્યો અને એ આઘાતને કારણે એમનું મૃત્યું થયું. આખી જિંદગીના સારા કર્મોને કારણે એ દેવ બનીને દેવલોકમાં જન્મ પામ્યા.

નાનાભાઈનાં વિચિત્ર સ્વભાવનો કારણે પરિવારવાળાઓએ એનો સાથ છોડી દીધો. તે ખૂબ જ એકલો પડી ગયો. યથાકાળે જ્યારે એનું આયુષ્ય કર્મ પુરું થયું ત્યારે તે અસુરકુમાર તરીકે નરકમાં જન્મ પામ્યો.

એ નાનોભાઈ તું છે. તારા ગતભવમાં તું ક્યારેય પણ દાન આપવામાં સહમત ન હતો. તેથી આ ભવમાં પણ તું કંજુસ જ છે. તે તારા ભાઈની બધી મિલકત કપટ કરીને પડાવી લીધી. તેથી આજે તારું બધું ધન જતું રહ્યું છે. તારા મોટાભાઈએ દેવલોકનું આયુષ્ય પુરું કરી, તામ્રલીપ્તી નામના શહેરમાં જન્મ લીધો. એ ખૂબ જ સફળ અને ધનવાન વેપારી બન્યો. આ જન્મમાં પણ તેણે પોતાનું બધું ધન દાનમાં આપી દીધું, અને તે સાધુ બની ગયો, જેની સાથે તું અત્યારે વાત કરી રહ્યો છે.''

આ સાંભળીને ધાનાસારને ખૂબ જ દુ:ખ થયું. એ મુનિનાં ચરણોમાં પડીને ક્ષમા યાચવા લાગ્યો. એણે પ્રતિજ્ઞા લીધી કે હવે એ કોઈ પણ પાપકર્મમાં ક્યારેય પણ ભાગીદાર નહીં થાય. પોતાની આવકનો ચોથો ભાગ પોતાના માટે રાખી બાકીનો બધો ભાગ સત્કાર્યોમાં વાપરશે. મુનિ ધાનાસરને આશીર્વાદ આપી ત્યાંથી રવાના થયા.

અને પછી ધાનાસરના સંજોગો પલટાયા. ગુમાવેલી સંપત્તિ એણે ધીરે ધીરે પાછી મેળવી અને ધાનાસરે પોતાનું વચન પાળ્યું. એણે એનું ધન સારા કાર્યોમાં વાપરવા માંડ્યું. એના જીવનમાં હવે વળાંક આવ્યો. તે પછીનું જીવન એ એક આદર્શ, ઉદાર અને ઉચ્ચ વ્યક્તિ તરીકે જીવીને લોકપુજ્ય બની ગયો.




# ચાલો રમીએ

## ૧. આપેલા ચિત્રમાં કેટલા ક્યુબ છુપાયેલા છે, તે શોધી કાઢો.



## ૨. આપેલી આડી અને ઊભી ચાવીઓ પ્રમાણે નંબર ગોઠવો.




### આડી ચાવી


૨. ૮ વખત ૩૯
૪. ૪ વખત ૧૯
૫. ૬૦ નો ચોથો ભાગ
૭. ૪ ડઝન
૮. ૧૪૭૮ ને ફરીથી ગોઠવો
૧૦. ૭ આડી ચાવી + ૨ ઊભી ચાવી
૧૨. ૮૦ નો પાંચમો ભાગ
૧૩. ૩ ઊભી ચાવીના બમણા
૧૫. ૧૫૬ નો ત્રીજો ભાગ
૧૬. ૪ ઊભી ચાવી - ૫ આડી ચાવી
૧૭. ૧૭૨ ના અડધા
૧૮. ૫ વખત ૪૩

### ઊભી ચાવી


૧. ૯ વખત ૯
૨. ૧૪૪ નો ચોથો ભાગ
૩. ૧૨૩૪ ને ફરીથી ગોઠવો
૪. ૩ વખત ૧૪ ઊભી ચાવી
૬. ૧૧૬ ના અડધા
૭. ૧૩૩૨નો ત્રીજો ભાગ
૯. ૧૫ ઊભી ચાવીના બમણા
૧૧. ૩૦૦૦ + ૪ વખત ૭૦૮
૧૪. ૧૫ આડી ચાવીના અડધા
૧૫. ૭ વખત ૮
૧૭. ૫ વખત ૧૭
૧૯. ૪ આડી ચાવીનો ચોથો ભાગ

## ૩. નીચે આપેલા વિકલ્પોમાંથી ખૂટતી લીંક શોધી કાઢો.


૧.




૨.




૩.




૪.



## ૪. રસ્તો શોધો.



# પઝલના જવાબો

૧. 

૨. 

૩. 

૪. 

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮ | | | | |
| | | | ૩ | ૧ | ૨ | | | |
| | | ૭ | ૬ | ■ | ૧ | ૫ | | |
| | ૪ | ૮ | ■ | ૭ | ૪ | ૮ | ૧ | |
| ૮ | ૪ | ■ | ૫ | ■ | ૩ | ■ | ૧ | ૬ |
| | ૪ | ૨ | ૮ | ૬ | ■ | ૫ | ૨ | |
| | | ૬ | ૩ | ■ | ૮ | ૬ | | |
| | | | ૨ | ૧ | ૫ | | | |
| | | | | ૯ | | | | |

Akram Express

February 2014
Year : 6, Issue : 6
Conti. Issue No.: 66

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# પૂજ્યશ્રીની નિશ્રામાં બરોડા ખાતે ઉજવાયેલ GNC Day ની ઝલકો...

















<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.